ગાંધીનગર સમાચાર

**વિદ્યાર્થીઓને બોર્ડ પરીક્ષાની શુભેચ્છાનો ધોધ**

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




કાકા... ગઇકાલે શિવરાત્રી કરી હતી ? ... શક્કરીયા ચોકખા દેખાય છે... પેટને કાંઇ નથી થયું... શક્કરીયા દુઃખે છે...!!

# સે-૩ રામેશ્વર મંદિર ખાતે અમરનાથના દર્શન

## પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિધાલય સે-૩ દ્વારા મહાશિવરાત્રીના પર્વે રામેશ્વર મંદિરના પરિસરમાં બરફના અમરનાથ, આત્મખોજ પ્રદર્શન તથા પરમાત્મા અવતરણ વિડીયો શોનું આયોજન કરાયુ

ગાંધીનગર, તા.૭

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિધાલય સે-૩ દ્વારા શિવરાત્રીના પર્વ પ્રસંગે રામેશ્વર મંદિરના પરિસરમાં બરફના અમરનાથ, આત્મખોજ પ્રદર્શન તથા પરમાત્મ અવતરણ વિડીયો શો નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હજ્જારો ભકતોએ દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. સવારથી જ મંદિરમાં ભકતોની ભારે બીડ જોવા મળી હતી. હર હર મહાદેવના નારાથી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.



શહેરના રામેશ્વર મંદિર ખાતે શિવરાત્રી નિમિતે આયોજીત બરફના અમરનાથ, આત્મખોજ પર્દર્શન તથા પરમાત્મ અવતરણ વિડીયો શોનું ઉદઘાટન વન પર્યાવરણ મંત્રી બચુભાઈ ખાબડ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડો. વિજય ઉપાધ્યાય, કોરપોરેટર શંકર ચૌધરી, ન્યુરોલોજીસ્ટ ડો. દર્મેશ પટેલ, ડો.મહિપતસિંહ પરમાર, શાશ્વત હોસ્પિટલના ડો. સુરેન્દ્ર ત્રિવેદી, ડો. વિપુલ ઠક્કર અને કશ્યપભાઈ તેમજ અન્ય મહાનુભાવો હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં આગળ વધતા મંત્રી બચુભાઈ ખાબડે આરતી ઉતારીને આત્મખોજ પ્રદર્શન અને પરમાત્મ અવતરણ વિડિયો શો નિહાળ્યો હતો. પોતાના વક્યત્વયમાં મંત્રીએ જણાવ્યું હતું કે આત્મા અનુ પરમાત્મા વિશેનું જ્ઞાન બ્રહ્માકુમારી બહેનો દ્વારા જે આપવામાં આવે છે. જેને જીવનમાં અપનાવાથી જીવનને સુખમય બનાવી શકાય છે. આ પ્રસંગે હાજર ડોકટરોને ઉદેશીને જણાવ્યું હતું કે ડોકટર બનવું એ પણ પૂર્વ જન્મોના શ્રેષ્ઠ કર્મોનું ફળ છે. ડોકટર પણ પરમાત્માની યાદમાં રહી ઓપરેશન કર તો તે પણ સફળ થાય છે. બહેનો પણ ભોજન બનાવતી વખતે પરમાત્માની યાદમાં રહી ભોજન બનાવે તો તેના પોતાના પરિવાર ઉપર સારી અસર થાય છે. ત્યારબાદ બ્રહ્માકુમારીના સુનિતા બેન એ તેમના પ્રવચનમાં શિવરાત્રીનું મહત્વ સમજાવતા જણાવ્યું હતું કે ભારત ભુમિ એક સમયે સ્વર્ગ કહેવાતી હતી. આ આ સૃષ્ટિ પર ચારે બાજુ અતિ પાપાચાર, દુરાચાર, ભષ્ટ્રાચાર, અત્યાચાર, ફેવાયેલ છે. આવા અત્યંત કપરા સમયે અનેકાનેક આત્માઓનું આક્રંદ સાંભળી પોતાના વાયદા અનુસાર પ્રેમ, દયા, અને શાન્તિના સાગર ભોળાનાથ પરમાત્મા આ ધરા પર છેલ્લા ૮૦ વર્ષથી અવતરીત થઈ પ્રજાપિતા બ્રહ્માના માનવીય તન દ્વારા મનુષ્યને દેવતા તુલ્ય બનાવવાનું કાર્ય કરી રહ્યા છે.આ ધરા પર આવેલા પરમપિતા પરમાત્મા શિવનો સત્ય પરિચય મેળવી તેની સાથે સંબંધ જોડી પુનઃ દૈવી સંસ્કાર ધારણ કરી સુખ શાન્તિ ને સમૃધ્ધનો સતયુગી વારસો પ્રાપ્ત કરવાનો દ્રઢસંકલ્પ લઈએ એ જ સાચા અર્થમાં શિવરાત્રીના મહાપર્વની ઉજવણી કરી કહેવાય. સવારથી સાંજ સુધીમાં આઠથી દસ હજાર નગરના ભકતોએ દર્શનનો લ્હાવો લીધો હતો. અને તેમા પાંચસો જેટલા ભાઈ બહેનો એ શિબિરમાં આવવા માટે પોર્મ ભરી સંમતિ દર્શાવી છે. કાર્યક્રમની આભારવિધિ પૂર્વ સંયુકત સચિવ સી.એમ. સદાસિયાએ કરી હતી. શિવરાત્રીને પગલે ભકતો ભોળાનાથના દર્શને આવતા સવારથી સાંજ સુધી મંદિર પરિસર હર હર મહાદેવના નારાથી ગુંજી ઉઠ્યુ હતું.



(તસવીર : કશ્યપ નિમાવત)

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગરના પૂર્વ કલેકટરશ્રી હૈદર વાઈરલ બિમારીમાં સપડાયા છે.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલની એક એમ્બ્યુલન્સ વાનને હાઈ એલર્ટના પગલે કરાઈ પોલીસ એકેડેમીમાં તૈનાત કરાઈ છે.

● ગાંધીનગર બ્રહ્મભટ્ટ સમાજ દ્વારા આજે ગાંધીનગર ટાઉનહોલમાં વડીલ વંદના, તેજસ્વી છાત્રોનો સન્માન સમારોહ યોજાયો હતો.

● ગાંધીનગર જિલ્લા કોંગ્રેસે પ્રદેશ પ્રમુખ શ્રી ભરત સોલંકીના કાર્યકારને એક વર્ષ પૂર્ણ થતાં સમર્પણ મૂક બધિરના બાળકોને ભોજન અને ફૂટ અપાયા હતા.

● વિશ્વ મહિલા દિન નિમિત્તે ગાંધીનગર કલ્પતરૂ પાવર ટ્રાન્સમીશન યુનિટ ખાતે મહિલા કર્મચારીઓનું બુકે અને શુભેચ્છાપત્ર આપી અભિવાદન કરાશે.

● ગાંધીનગર શહેરને ૩૧મી માર્ચ સુધીમાં વાઈફાઈ ઝોનથી જોડવાની કાર્યવાહી હાલ ગતિમાં ચાલી રહી છે.

● આજે શિવરાત્રી પર્વની ઉજવણીને લઈ કેટલાક મંદિરોમાં બાળકોને શક્કરીયા અને શીરાનો પ્રસાદ અપાયો હતો.

# મગોડી પાસેના અકસ્માતમાં મૃત્યુઆંક પાંચ પર પહોંચ્યો

ગાંધીનગર નજીક મગોડી પાસે ત્રણ દિવસ અગાઉ રિક્ષા અને ગાડી વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં બે વ્યક્તિના તે જ દિવસે કરૂણ મૃત્યુ થયા હતા. જ્યારે ૧૦ વ્યક્તિને દાખલ કરવામાં આવ્યા હતા. સારવાર માટે હોસ્પિટલમાં દાખલ દર્દીઓ પૈકી વધુ ત્રણ વ્યક્તિઓના મૃત્યુ નિપજતા આ અકસ્માતમાં મૃત્યુઆંક પાંચ પર પહોંચ્યો છે. ચિલોડા પોલીસ હજુ એક મૃતકની ઓળખ માટે તપાસનો ધમધમાટ કરી રહી છે. ત્યાં અન્ય ત્રણના મૃત્યુની ખબરથી સન્નાટો મચી જવા પામ્યો છે. રિક્ષામાં ૧૨ થી ૧૪ મુસાફરો ભર્યા હોવાનું જાણવા મળ્યું હતું. આ અકસ્માતના દિવસે જ ૫૦ વર્ષિય કેશાજી જેણાજી સોલંકીનું કરૂણ મૃત્યુ થયું હતું અને બીજા એક યુવાનનું પણ મૃત્યુ થયું હતું જેની હજુ સુધી ઓળખ થઈ શકી નથી. પોલીસ તેની ઓળખ માટે દોડધામ કરે છે ત્યાં વધુ ત્રણ ઘાયલોના મૃત્યુ થયા છે. દહેગામના સલકી ખાતે રહેતા ૩૨ વર્ષિય અશોકભાઈ આત્મારામ સોનારા, સામેત્રીના ૬૫ વર્ષીય શકરીબેન મણીભાઈ પટેલ અને મહેન્દ્રસિંગ પંજાબસિંગ ચિખલીગર ત્રણેય ઘાયલોના મૃત્યુ થયા છે. આ અકસ્માતમાં મૃત્યુઆંક પાંચ પર પહોંચ્યો છે. ચિલોડા પોલીસ મથકના પીએસઆઈ રાજપુત ગુનાની તપાસ ચલાવી રહ્યા છે.






અભિવાદન : ભારત સરકાર તરફથી પદ્મશ્રીનો એવૉર્ડ પ્રાપ્ત કરતા બ્રહ્મશ્રી પૂ. ડાહ્યાભાઈ શાસ્ત્રીનો અભિવાદન સમારોહ મહાશિવરાત્રીના પર્વે બ્રહ્મ ભવન ખાતે યોજાયો હતો. બ્રહ્મ સમાજ અને રુદ્રાભિષેક મંડળના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા સમારોહમાં સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉમટ્યા હતા.

# ગાંધીનગર બ્રહ્મભટ્ટ સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન કરાયું

ગાંધીનગર,તા.૭

ગાંધીનગર શહેરના ટાઉનહોલ ખાતે બ્રહ્મભટ્ટ સમાજ ગાંધીનગર દ્વારા પરિવાર દર્પણનું વિમોચન, વડિલ વંદના અને સમાજના ધોરણ ૧ થી ઉચ્ચ અભ્યાસક્રમમાં પ્રથમ, દ્રિત્રીય અને તૃતિય સ્થાન મેળવેલા તેજસ્વી તારલાઓનો સન્માનનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે સમાજના અગ્રણી મહાનુભાવો સહિત મોટીસંખ્યામાં ભાઈ -બહનો હાજર રહ્યા હતા.



ગાંધીનગર શહેરના ટાઉનહોલ ખાતે બપોરના સમયે ગાંધીનગર બ્રહ્મભટ્ટ સમાજ દ્વારા આયોજીત તેજસ્વી વિદ્યાર્થી સન્માન કાર્યક્રમમાં આઈજીપી આર.બી. બ્રહ્મભટ્ટ સહિત અન્ય મહાનુભાવોએ દિપ પ્રાગટય કરીને કાર્યક્રમનો પ્રારંભ કર્યો હતો. આ પ્રસંગે શહેરમાં વસતા બ્રહ્મભટ્ટ સમાજના પરિવારોની માહિતિ દર્શાવતી પુસ્તીકા ‘‘પરિવાર દર્પણ - ૨૦૧૬ ‘‘નું વિમોચન આર.બી. બ્રહ્મભટ્ટના હસ્તે કરવામાં આવ્યું હતું. આર.બી બહ્મભટ્ટે પોતાના પ્રાસંગીક પ્રવચનમાં જણાવ્યું હતું કે અત્યારે હાલ ઈનામ મેળવતા દરેક વિદ્યાર્થી આગામી સમયમાં ઉચ્ચ અભ્યાસ કરીને સમસ્ત બ્રહ્મભટ્ટ સમાજનું નામ રોશન કરે તેવી શુભેચ્છા પાઠવી હતી. તેમજ સમાજ વિશે જણાવતા કહ્યું હતું કે અત્યારે હાલના સમયે બ્રહ્મભટ્ટ વર્લ્ડ ડોટ કોમ સાઈટ શરુ કરવામાં આવી છે. જેમાં કયા કયા રાજયોમાં બ્રહ્મભટ્ટ રહે છે અને કઈ અટક ધરાવે છે તેની સવિસ્તાર માહિતી મળી રહે છે. ધો-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓની પરિક્ષા શરુ થવાની હોવાથી તેઓને પણ અભિનંદન પાઠવ્યા હતા. મંચ પર બિરાજમાન અન્ય મહાનભાવોએ પણ પ્રાસંગીક ઉદબોધન કર્યુ હતું. ગાંધીનગર બહ્મભટ્ટ સમાજના૧૯, ૨૦ અને ૨૧માં વર્ષના તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારંભ માં ધોરણ - ૧થી ઉચ્ચ અભ્યાસ સુધીના પ્રથમ, દ્વીતીય અને તૃતીય ક્રમ મેળવનાર અંદાજીત ૧૦૨ વિદ્યાર્થીઓને મહેમાનોના હસ્તે સ્કૂલબેગ, ફોલ્ડર,બોટરબેગ આપીને સન્માન કરવામાં આવ્યું હતું. જયારે સમાજના કાર્યમાં સતત પ્રયત્નશીલ રહીને માર્ગદર્શન આપતા ૨૨ વડીલોનું શાલ અને પેન આપી સન્માનવામાં આવ્યા હતા. ૪૨ સ્નાતક, અનુસ્નાતક અને વિશિષ્ટ સિધ્ધી હાંસલ કરનાર વિદ્યાર્થીને ચાંદીના સિક્કા આપવામાં આવ્યા હતા.જયારે સરકારી નોકરીમાં ૧૨ બઢતી પામેલા અને ૨૮ નવ નિયુકત કર્મચારીઓનું બહુમાન કરાયુ હતું. આ પ્રસંગે સ્ટેજ પર બિરાજમાન સન્માનીય વ્યકિતઓનું પુષ્પરગુંચ્છ,



શાલ અને મોમેન્ટો આપી સન્માનીત કરવામાં આવ્યા હતા.આ પ્રસંગે સમાજના કીર્તિદાબેન બ્રહ્મભટ્ટ , ભાસ્કરભાઈ બ્રહ્મભટ્ટ, ધાર્મિકભાઈ બ્રહ્મભટ્ટ, ડો. નિંજનભાઈ બ્રહ્મભટ્ટ, બ્રીજેશ બારોટ, મહેશભાઈ બારોટ,ગીરીદિપભઆઈ બ્રહ્મભટ્ટ, અશ્વિનભાઈ બારોટ, અનિરૂદ્ધભાઈ, દિપીપભાઈ, ચંદ્રકાન્તભાઈ, વિષ્ણુભાઈ, નિવૃત બેંક મેનેજર બેંક ઓફ બરોડા મહેન્દ્રભાઈ બારોટ સહિત મોટી સંખ્યામાં સમાજના ભાઈ બહેનો હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનુંસંચાલન પ્રમુખ દિલિપભાઈ બ્રહ્મભટ્ટ, મહામંત્રી વાસુદેવ અજબાણી, સહિત હોદેદારોએ ક્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત સમાજના યુવા કાર્યકરોએ ઉઠાવી હતી.

# શહેરમાં શિયાળો પુરો થતા સરિસૃપોએ ‘શીતનિંદ્રા’ ત્યાગી

ગાંધીનગર, તા. ૭

વાતાવરણમાં છેલ્લા કેટલાક દિવસથી આવેલા પરિવર્તન દ્વારા શહેરમાં વિધિવત ઉનાળાનો પ્રારંભ થઈ ગયો છે. છેલ્લા ચાર માસથી શિયાળામાં શીત નિંદ્રામાં પોઢેલા સરિસૃપો હવે આળસ મરડી બેઠા થવા લાગ્યા છે. અને ખોરાકની શોધમાં બહાર નીકળવા લાગ્યા છે. ગાંધીનગરમાં ગરમીનું પ્રમાણ વધતા જ સ્નેકલવર્સ ગૃપને સાપ નીકળવાના રોજના ૨ થી ૩ કૉલ મળવા લાગ્યા છે.

સરિસૃપ વર્ગમાં સાપ એ વિશિષ્ટ પ્રાણી છે જે શીત લોહી ધરાવતુ હોવાથી શિયાળામાં પોતાના શરીરની ‘ખાસ’ વ્યવસ્થા કરી શીત નિંદ્રામાં પોઢી જાય છે. સાપ શિયાળાના ૪ માસ સુધી ખાધાપીધા વગર શરીરના રક્ત ભ્રમણને અને હૃદયને ધીમુ પાડી ગાઢ શીતનિંદ્રામાં પોઢી જાય છે. સર્વમિત્ર અમિત ગોંડના જણાવ્યા અનુસાર સાપ ચોમાસામાં જ શિયાળાનો

**ઉનાળાના પ્રારંભથી જ ગાંધીનગરમાં સાપ નીકળવાના રોજના ૨ થી ૩ કૉલ ‘સ્નેક લવર્સ ગૃપ’ને મળવા લાગ્યા**

ખોરાક ખાઈ શરીરમાં એકઠો કરી લે છે અને પછી શિયાળામાં શીતનિંદ્રામાં જતા રહે છે. જ્યારે ઠંડી ઘટે અને ઉનાળાનો પ્રારંભ થાય ત્યારે તે સામાન્ય સ્થિતિમાં આવી ફરી બહાર નીકળે છે. ત્યાં સુધી શરીરમાં એકઠી કરેલ ચરબીથી કામ ચલાવે છે. ઉનાળો આવતા જ સાપ ભૂખ સંતોષવા માનવ વસાહતની આસપાસ જોવા મળવા લાગે છે.

‘‘સ્નેક લવર્સ ગૃપ’’ના સર્પમિત્ર તિર્થરાજસિંહ જાડેજા જણાવે છે કે હવે ગાંધીનગરમાં ગરમીનું પ્રમાણ વધતા સાપ નિકળવાની ઘટનામાં વધારો જોવા મળી રહ્યો છે. અત્યારે રોજના ૨ થી ૩ કૉલ અમને મળી રહ્યા છે. જેમાં મુખ્યત્વે કોબ્રા, ધામણ, ભંફોડી, વરૂદંતી, આંધણી ચાકરણ વગેરે જેવા સાપોનો સમાવેશ થાય છે.

## એલિકોન એન્જિનિયરિંગ કંપનીને મઝગાંવ ડોક શિપબિલ્ડર્સનો પ્રતિષ્ઠિત ૩૦૦ કરોડનો ઓર્ડર

એલિકોન એન્જિનિયરિંગ કંપની લિ.ને મઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિ. તરફથી મરીન ગિયર બોક્સીસ પૂરા પાડવાનો રૂ. ૩૦૦ કરોડનો પ્રતિષ્ઠિત ઓર્ડર પ્રાપ્ત થયો છે. એલિકોન એન્જિનિયરિંગના ચેરમેન અને મેનેજિંગ ડાયરેક્ટર શ્રી પ્રયશ્વિન પટેલે જણાવ્યું હતું કે ભારતમાં સંરક્ષણ ક્ષેત્રનું વ્યુહાત્મક મહત્વ જોતા એલિકોન માટે આ પ્રતિષ્ઠિત ઓર્ડર છે. મઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિ.ને પૂરા પાડવામાં આવનારા મરીન ગિયર બોકસીસની નવી શ્રેણી એલિકોનની આર એન્ડ ડી ટીમની સઘન મહેનતનું પરિણામ છે. અમને આ જવાબદારીથી ઘણી ખુશી થઈ છે. તેમણે ઉમેર્યું કે, એલિકોન વ્યૂહાત્મક રીતે આવા ઓર્ડરોને પૂર્ણ કરવા સક્ષમ છે. એલિકોનના ટેકનિકલ કૌશલ્યને કારણે આવા ઓર્ડરો અમે ભવિષ્યમાં પણ પૂર્ણ કરી શકીશું તેઓ અમને વિશ્વાસ છે.

# વિદ્યાર્થીઓને બોર્ડ પરીક્ષાની શુભેચ્છાનો ધોધ

રાજયની શાળાઓમાં ૮મી માર્ચથી બોર્ડ પરીક્ષાનો પ્રારંભ થઈ રહ્યો છે. બોર્ડ પરીક્ષાના હાઉ થકી વર્ષની શરૂઆતથી જ વિદ્યાર્થીઓએ શાળા, ટ્યુશન અને ઘરે તનતોડ મહેનતને પ્રાધાન્ય આપેલું છે. વધુમાં બોર્ડ દ્વારા ચોરી અટકાવવા સીસીટીવી કમેરા, ટેબલેટ અને સઘન સ્કવોડની તૈયારીઓ કરી લીધી છે. વિદ્યાર્થીઓના બાળ માનસ ઉપર ઘેરી અસરો છોડતી આ બધી બાબતોથી હળવાશ મળી રહે તેવા શુભ હેતુથી સ્વજનો, સગાઓ અને હિતેચ્છુઓ વિદ્યાર્થીઓના ઘેર ઘેર જઈ શુભેચ્છા પાઠવી રહ્યા છે. વધુમાં ચોકલેટ, પેન અને રોકડની ભેટ અર્પણ કરી સફળતાના આશિષ પ્રદાન થઈ રહ્યા છે. જો કે મુલાકાતીઓની લાગણી અને હુંફ થકી વિદ્યાર્થીઓના મનોબળમાં વધારો થઈ પરીક્ષા માટે સજ્જ બન્યા છે.

બોર્ડ દ્વારા લેવાતી પરીક્ષાઓ માટે તંત્ર દ્વારા અલાયદી જ તૈયારીઓ થતી હોય છે. શિક્ષણ વિભાગ, કલેકટર કચેરી, પોલીસ તંત્ર તથા શાળા મંડળો સહિતનું સંલગ્નતંત્ર પરીક્ષાઓ શાંતિપુર્ણ વાતાવરણમાં યોજાય તેવા

**ચોકલેટ, પેન અને રોકડ આપી સફળતાના અપાતા આશિષ, લાગણી અને હિતની હુંફ થકી વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસમાં વધારો**

પ્રયાસો હાથ ધરતા હોય છે. વાલીગણ તથા વિદ્યાર્થીઓ આ અંગે રજેરજની માહિતીથી વાકેફ હોય છે જેથી બોર્ડ પરીક્ષાનો એક અલગ જ માહોલ સર્જાતો હોય છે અને વિદ્યાર્થીઓમાં તેનો છુપો ડર રહેતો હોય છે. આ તમામ બાબતોથી વિદ્યાર્થીઓમાં ડર દુર થાય અને મોકળા મને બોર્ડની સફળતાપુર્વક પરીક્ષા વિદ્યાર્થીઓ આપે તેવા તંત્રના પ્રયાસ સાથે વિદ્યાર્થીઓના સ્વજનો, સગા સંબંધીઓ અને હિતેચ્છુ ઘરે જઈ શુભેચ્છા આપી સફળતાના આશીર્વાદ આપતા હોય છે. વધુમાં ભેટ રૂપે પેન, ચોકલેટ તથા રોકડ અર્પણ કરી પોતાની લાગણીઓ વણાયેલી હોવાનું જણાવતા હોય છે.

મુલાકાતીઓની આ શુભેચ્છા, લાગણી અને પોતાના માટેનું હિત જોઈ વિદ્યાર્થીઓને ભરપુર હુંફ પ્રાપ્ત થઈ રહી છે અને તેમના આત્મ વિશ્વાસમાં વધારો થઈ મનોબળ મજબુત બન્યું છે. વાલીગણ પણ પોતાના સંતાન પ્રત્યેની હિતેચ્છુઓની લાગણીઓ થકી એક નવી જ ઉર્જાનો અહેસાસ કરી રહ્યા છે. જો કે વિદ્યાર્થીઓ અભ્યાસ અંગેની અંતિમ તૈયારીઓમાં વ્યસ્ત હોવાથી મુલાકાતીઓ વધુ ખલેલ ન પહોંચાડી ઝડપથી પોતાનું કાર્ય પુર્ણ કરી નીકળી જતા હોય છે. ધો-૧૨ના વિદ્યાર્થી બોર્ડની પરીક્ષાઓ આપી ચુકયા છે જેથી અનુભવ થઈ ગયેલ છે. પરંતુ ધો-૧૦ના વિદ્યાર્થીઓના કુમળા માનસ ઉપર પરીક્ષાનો હાઉ વધુ રહે છે. પરંતુ વાલીગણ સહીતના તમામ હિતેચ્છુઓ દ્વારા ભરપુર હુંફ પુરી પડાય છે અને મુકતપણે પરીક્ષા આપવા તમામ રીતે સજ્જ કરાય છે જે આવકારદાયક બન્યું છે. બોર્ડની પરીક્ષા આપતા તમામ વિદ્યાર્થીઓને ‘ગાંધીનગર સમાચાર પરિવાર’ હાર્દિક શુભકામના પાઠવે છે.